Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

# શ્રીમદ્દ ભગવદ્દગીતામાં જીવન દર્શન

*ડૉ.  કલ્પનાકુમારી વનમાળીભાઈ પરમાર

આજનો દિવસ ઘણો મહત્વનો છે, કારણ કે સાંપ્રત સંદર્ભે ભારતીય દર્શનની તત્વવિચારના કરવાનો દિવસ છે, ઘણો મોટો વિષય છે, તે ઉપરાંત વિષયમાં સૂર્ય જેવી તેજસ્વીતા અને સમય અનુસાર એક વિચારણા છે, એક અધ્યયન છે, મારો આજનો વિષય છે "શ્રી મદ્દ ભગવદ્દગીતામાં જીવન દર્શન" જે બાબતે મારા વિચારો આપણી સમક્ષ રજૂ કરવાની છું તે ફક્ત વિચારો પૂરતા સીમિત ન રહેતા મારા જીવન માં સ્થિર કરવાનો આ એક પ્રસંગ છે, એક અવસર છે, અને બૌદ્ધિક ચર્ચા કરવાનો એક મારા માટે તક છે, શ્રીમદ્દ ભગવદ્દગીતા માનવ જીવન માટે એક આદર્શ છે દરેક માનવજીવનની "બા" છે કૃષ્ણ ભગવાને ગાયેલું એક સૌંદર્ય છે, અર્જુને કર્તુત્વમાં ઉતારેલો કર્મયોગ છે, આજે આપણે જે જે વિષયો અને શાસ્ત્રોની ચર્ચા કરી છે અને ભવિષ્યમાં કરવાંના છે, તે મનુષ્ય માત્ર માટે ઉપયોગી છે અનિવાર્ય છે, પણ મુદ્દો એ છે કે આ વિષયો - શાસ્ત્રો ફક્ત ચર્ચા કરવા પૂરતા સીમિત રહયા છે તે એક બાબત ગંભીર છે કારણકે ચર્ચાઓને – વિષયોને - વ્યાખ્યાનમાળાઓ અને અધ્યયનને જીવનમાં આપણે ક્યારેય અનુસરીયા નથી અથવા તો એ ચર્ચાઓને – વિષયોને - વ્યાખ્યાનમાળાઓ અને અધ્યયનને જીવનમાં લાવ્યા નથી, એ વિચારોનું જીવનમાં ઈમ્પ્લીમેન્ટ નથી કર્યું એટલે કદાચ ચર્ચાઓને – વિષયોને - વ્યાખ્યાનમાળાઓ અને અધ્યયનને કોઈ ને કોઈ રીતે અન્યાય થયો છે એમ મારું માનવું છે, આ બાબતે શિબિર કે અભ્યાસ વર્ગનું આયોજન ભવિષ્યમાં થાય એ ખુબ જરૂરી છે એમ મારુ માનવું છે, કૃષ્ણ ભગવાને ગાયેલી ગીતા એ માનવજીવન માટેનું સૌંદર્ય છે માનવે કેમ જીવવું એનો સમગ્ર નિચોડ છે ૧૮ અધ્યાય અને ૭૦૦ શ્લોકો એ એક સીમિત વિચાર એમના માટે હતો પણ આપણે તે વિચારોને માનવજીવે એમની સમક્ષ રાખ્યા છે એ વાત ઘણી મોટી છે બુદ્ધિ માંગી લે એવી છે ૭૦૦ શ્લોકોમાં માનવજીવનને સ્પર્શતી વાતો અહીં રજુ કરી છે જેનું મારે તમારે સો કોઈએ વર્તમાન કે ભવિષ્યમાં સ્વીકાર્યે જ છૂટકો છે અહીં હું કેટલાક ભારતીય અને વિદેશી મહાપુરુષોએ શ્રી મદ્દભગવદ્દ ગીતાને તેમના શબ્દોમાં જણાવું છું પ્રથમ તો હું મહાત્મા ગાંધીએ તેમની ભાષામાં રજૂ કરેલો વિચાર જોઈએ "હું ભગવદ્દગીતામાં એવી પરમશક્તિનો અનુભવ કરૃ છું જે મને 'serman on the mount' (બાઇબલનો એક પ્રશંગ) માં ન મળે જયારે નિરાશા મારી સમક્ષ આવે છે અને ત્યારે નિતાન્ત એકાંતમાં પ્રકાશની એક

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

પણ કિરણનો અનુભવ ન કરું ત્યારે હું ભગવદ્દગીતા તરફ આવું છું અને હું તરત જ આધ્યાત્મિક દુઃખ ની વચ્ચેજ આનંદ અનુભવું છું".

બીજા સુપ્રસિદ્ધ ચિંતક ડૉ સર્વપલ્લી રાધાકૃષ્ણ અનુસાર જોઈએ "ગીતામાં એક એવું સઁસારનું રૂપ આપ્યું છે જે લોકીક જગતની અપેક્ષા વધારે વિસ્તુત અને ગમ્ભીર દર્શાવી છે, આધ્યાત્મિક જીવનનું પુનનિર્માણમાં આ એક મજબૂત નિર્ધારણ તત્વ છે, સઁસારના મહાન ધર્મગ્રંથોમાં પોતાનો એક નિશ્ચિત સ્થાન બનાવ્યું છે".

જર્મનના પ્રખ્યાત ભાષ્યકાર પ્રો. જે. ડબ્લ્યુ. હોવરે ગીતાનું ગૌરવગાન તેમના શબ્દોમાં કર્યું છે આ પુસ્તક આપણેને ન કેવળ ગમ્ભીર અંતઃદ્રષ્ટિ પ્રદાન કરે છે જો બધા જ કાળમાં, દરેક પ્રકારના ધાર્મિક જીવન માટે પ્રમાણિક હોય પરંતુ અહીં ઈન્ડો - જર્મન ધાર્મિક ઇતિહાસનો એક મહત્વપૂર્ણ અને પ્રમાણિત તત્વ નિરૂપણ ની નિધિ છુપાયેલી છે, અહીં આપણને ઈન્ડો - જર્મન ધર્મની મૂળ કૃતિ, પ્રકૃતિ એની તેના આધારભૂત વિશેષતાઓ ના સંદર્ભો માર્ગ બતાવે છે".

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે તેમજ તે સમાજ નો વાહક પણ છે સમાજના દરેક જડ - ચેતનની સુરક્ષા તથા સંવર્ધનની ની જવાબદારી મનુષ્યની છે આ વાત યાદ રાખવી સમગ્ર વિદ્યાઓ, સમગ્ર વાડ્મય તથા સમગ્ર ઉપદેશોનું પ્રયોજન રહ્યું છે તેથી માનવીનું કર્મ જ માનવજીવનનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે, ગીતા આત્મવિદ્યાનું આત્યંન્ત ગૂઢ તેમજ પવિત્ર તત્વોનું ખુબજ સપષ્ટ રીતિમાં ઉપદેશ આપે છે અને માનવ માત્ર માટે આધ્યાત્મિક પૂર્ણાવસ્થાની ઓળખ કરનાર જ્ઞાન, ભકતી તેમજ કર્મનો સમન્વય કરી શાસ્ત્રોક્ત વ્યવહારની સાથે સઁયોન્ગ કરાવી ટ્રિવિદ્ય દુઃખોના આઘાતથી માનવ સમુદાય સંતૃપ્ત કરાવે છે. શાંતિ પ્રદાન કરીને નિષ્કામ કર્મના આચરણ માં રસતરબોર કરે છે શ્રીમદ્દ ભગવદ્દ ગીતાને સમાન કોઈ ગ્રથ સંસ્કૃત સાહિત્યમાં કે વિશ્વસાહિત્યમાં પણ હોવું અસંભવ છે.

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**
**मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि।।**

આ શ્લોક નો અર્થ થાય છે કે કર્મ પર તારો જ અધિકાર છે પણ ફળની આશા ન રાખવી એટલે કર્મ ફળ માટે ન કરવું જોઈએ જેથી કર્મમાં આસક્તિ ન આવે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

**ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते।**
**सङ्गात्संजायते कामः कामात्क्रोधोऽभिजायते॥**

વિષયો (વસ્તુઓ) ના સન્દર્ભે મનુષ્ય વિચારતો રહશે તો માનવ તેનાથી આસક્તિ થઇ જશે, જેનાથી એમાં કામના એટલે કે ઈચ્છા પેદા થાય છે અને કામનાઓમાં વિઘ્નઆવવાથી ક્રોધની ઉત્પત્તિ થાય છે.

**क्रोधाद्भवति संमोह: संमोहात्स्मृतिविभ्रम:।**
**स्मृतिभ्रंशादबुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति॥**

આ શ્લોકનો અર્થ થાય છે કે ક્રોધથી મનુષ્યની મટી મરી જાય છે એટલેકે મૂઢ બની જાય છે જેનાથી સ્મૃતિ ભ્રમિત થાય છે સ્મૃતિ ભ્રમિત થઇ જવાથી મનુષ્યની બુદ્ધિ નષ્ટ થઇ જાય છે અને બુદ્ધિ નાસ થવાથી મનુષ્ય પોતે જ પોતાનો નાસ કરી નાખે છે,

**यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जन:।**
**स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्तते॥**

આ શ્લોકનો અર્થ થાય છે કે શ્રેષ્ઠ માનવ જે આચરણ એટલેકે જે કામ કરે છે, તેવુ જ બીજો માનવ પણ આચરણ કરે છે તે (શ્રેષ્ઠ) પ્રમાણ અથવા ઉદાહરણ પ્રસ્તુત કરે છે, સમસ્ત માનવ સમુદાય એનું જ અનુકરણ કરવા લાગી જાય છે.

**श्रद्धावान्ल्लभते ज्ञानं तत्पर: संयतेन्द्रिय:।**
**ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति॥**

આ શ્લોકનો અર્થ થાય છે કે શ્રદ્ધા રાખવાવાળા માનવ, પોતાની ઇન્દ્રિયો પર સંયમ રાખવાવાળા મનુષ્ય, સાધન પારાયણ હોય પોતાની તત્પરતાથી જ્ઞાન પ્રાપ્ત કરે છે પછી જ્ઞાન પ્રાપ્ત થાય પછી જ પરમ શક્તિને પ્રાપ્ત કરે છે.

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

**सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज।**
**अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः।।**

આ શ્લોકનો અર્થ થાય છે બધા ધર્મોનો ત્યાગ કરી અર્થાત દરેક આશ્રય નો ત્યાગ કર કેવળ મારી શરણમાં આવ, મેં (શ્રી કૃષ્ણ) તને બધા પાપોથી મુક્તિ આપીશ એટલે શોક કરવું નહિ.

**नाहं देहो न मे देहो बोधोऽहमिति निश्चयी।**
**कैवल्यं इव संप्राप्तो न स्मरत्यकृतं कृतम् ॥**

આ શ્લોકનો અર્થ થાય છે ન હું શરીર છું અને આ શરીર મારુ નથી મેં જ્ઞાન સ્વરૂપ છું એવું નિશ્ચિતરૂપથી જાણવાવાળોં માનવ જીવન મુક્તિ ને પ્રાપ્ત કરી લે છે, તેણે કરેલા (ભૂતકાળ) અને ન કરેલા (ભવિષ્ય) ના કર્મો નું સમરણ ન કરવું જોઈએ.

**शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।**
**कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥**

આ શ્લોકનો અર્થ થાય છે જે સાધક આ મનુષ્ય જીવનમાં, શરીર નો નાશ થવા પહેલા જ કામ ક્રોધ થી ઉત્પન્ન થયેલા વેગ ને સહન કરવામાં સમર્થ થઇ જાય છે તે જ પુરુષ યોગી છે અને સુખી છે.

**अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।**
**यः प्रयाति स मद्भावं याति नास्त्यत्र संशयः ॥**

જે પુરુષ અંતકાળ માં પણ મનેજ સ્મરણ કરતા શરીર ને ત્યાગ કરે છે, તે જ મારા સાક્ષાત્કાર સ્વરૂપને પ્રાપ્ત કરે છે એમાં કોઈ સંશય નથી.

આમ ઉપરોકત શ્લોકો ના આધારે એવું કહેવામાં આવે કે ગીતા એ માનવજાતિને ભક્તિ ના પાયામાં કઈ કરી છૂટવાની ભાવનાથી ઇશવર સાક્ષાત્કારનો એક ઉત્તમ માર્ગ બતાવ્યો છે ગીતા સર્વ કાલીન, સાર્વજનીન વિશિષ્ટ સન્દેશ છે જેમાં કર્મ ઉપદેયતા છે કર્મ ઉપદેશ કેવળ અર્જુન માટે ન હતો એનું કાર્ય ક્ષેત્ર સાર્વભૌમિક છે આ જ કારણ થી પાંચ હજાર વર્ષ પછી પણ આજે પણ આપણને પ્રેરિત કરે છે જો એમાં કેવળ વ્યવહારિક પરામર્શક તથા માર્ગદર્શનનો વિચાર ન હોત તો આ ભગવદ ગીતા કોઈને પ્રેરિત ન કરતે આજે પણ ગીતા માતા લોકોના હ્દયમાં વિવેક, ભાવ, પ્રેમ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
જગાડે છે. ગીતા માનવ ગુણોનો વિકાસ કરીને જીવનવ્યવહારની શિક્ષા પ્રદાન કરે છે ગીતા નો સિદ્ધાંત માનવ ને ઉભો થવા બળ પૂરું પાડે છે ગીતા રાગ દ્વેષ ને શત્રુ માનીને તેને વશીભૂત ન થવા રસ્તો દોરે છે તથા અનાસક્ત થઇ કાર્ય કરવાની પરેનના આપે છે તેથી આજનો માનવ તે સમયની ભૂમિકામાં અર્જુન હશે એમ માનીએ તો જરા પણ ખોટું નથી.

**સંદર્ભ સૂચિ**

- સાંપ્રત સમયમાં શ્રીમદ ભગવદ ગીતા નો કર્મયોગ

१) श्रीमद भगवद गीता मे कर्मयोग एवम आधुनिक भारतीय समाज, संपादक - डॉ. प्रदीपकुमार दीक्षित, साहित्य निलय, कानपुर। प्रथम संस्करण, २०१६।

2) શ્રીમદ ભગવદ ગીતા, ગીતા પ્રેસ, ગોરખપુર. ૪૮મી આવુતિ.

३) गीतामृतम, निर्मल निकेतन, मुंबई। २९ आवृति। अप्रैल २००६।